387

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુંટુંબમાં પુત્રી જન્મ પ્રસંગે સહાય અંગેની"દિકરી રૂડીસાચી મૂડી " યોજના બાબત.

ગુજરાત સરકાર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૪૯૬/૭૫૫(૨૦૦૩)અ
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ- 18 MAR 2004

વંચાણે લીધોઃ- ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(સ.ક.પ્રભાગ) નો તાઃ-૧૩/૧૦/૯૭ નો ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૪૯૬/ન.બા. ૩/ અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તાઃ- ૨૧/૬/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ- સશપ /૧૪૯૬ / ન.બા.૩/૨૩૨(૨૦૦૨) અ

ઠરાવ :-

આમુખમાં જણાવેલ ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્રભાગ) ના તાઃ-૧૩/૧૦/૯૭ ના ઠરાવ થી કુંટુંબ અને સમાજમાં દિકરી ને પૂરતું માન મળે અને દિકરીએ પારકુ ધન છે એવી માન્યતા દૂર થાય એ હેતુ થી સા. અને શૈ.પ.વ ના કુંટુંબ માં પુત્રીના જન્મ પ્રસંગે નાણાકીય સહાય તથા માતા ને પ્રસુતિ બાદ પોષણક્ષમ ખોરાક અને દવાઓ માટે આર્થિક સહાય અંગેની ' દિકરી રૂડી સાચી મૂડી ' યોજના અમલમાં મૂકાયેલ છે.

૨. રાજયમાં મહિલા અને બાળ કલ્યાણ ની પ્રવૃતિ ઓ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ કાર્યરત છે. તે વિભાગ ધ્વારા સમાન હેતુસર ભારત સરકારની ' બાલિકા સમૃધ્ધિ યોજના ' નું અમલીકરણ કરવામાં આવે છે. આમ સમાન હેતુ ધરાવતી યોજનાનું બેવડીકરણ ન થાય તે માટે આ વિભાગ હસ્તકની સા. અને શૈ.પ.વ માટેની ' દિકરી રૂડી સાચી મૂડી યોજના ' ને બાલિકા સમૃધ્ધિ યોજના સાથે જોડી દેવા ના હેતુસર તાઃ- ૧/૪/૨૦૦૪ થી અમલમાં આવે તે રીતે' દિકરી રૂડી સાચી મૂડી યોજના ' મહિલા અને બાળ વિકાસ વિભાગને તબદીલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આગામી નાણાકીય વર્ષથી યોજના નો અમલ મહિલા અને બાળ વિકાસ વિભાગે કરવાનો રહેશે.

........૨

૩. આગામી ૨૦૦૪ – ૦૫ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના હેઠળ ની જોગવાઈ જે તે સમયે મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક તબદીલ કરવાની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તથા તેમના નામે.**

(ડી.પી. પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

<u>નકલ રવાના</u> :-

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ્યપાલશ્રીના સચિવશ્રીનું કાર્યાલય,રાજભવન,ગાંધીનગર
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય,ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, શિક્ષણ,મહિલા અને બાળ કલ્યાણ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ / રાજકોટ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય ગાંધીનગર.
મહિલા અને બાળ વિકાસ વિકાસ વિભાગ.સચિવાલય ગાંધીનગર.
સચિવાલય ના સર્વે વિભાગો.
વિભાગની સર્વે શાખાઓ.
બજેટ શાખા.સામાજીક નયાય અને અધિકારીતા વિભાગ.સચિવાલય ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.

RAJ -205-206